**ક્રી.પ.અ.નં. ૫૦૮૬/૨૦૧૮ (માધવપુરા પો.સ્ટે.સે.ગુ.રં.નં. ૩૫૫૧/૧૮) ના કામે અરજદારઃ–માણેક સલમાન ગુલામરસુલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમઃ–**

---

(૧) અરજદારની અરજી તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા પોલીસ અભિપ્રાય વંચાણે લીધા. અરજદારના વિ. વકીલશ્રીને તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) અરજદારે તેઓનો મુ.મા. ઓપો કંપનીનો ઓપો એ.૮૩ મોબાઈલ કે જેનો ઈએમઆઈનં.૮૬૭૬૧૩૦૩૭૯૫૩૫૭૯ છે તે પોલીસે ઉપરોકત ગુનાના કામે કબજે લીધેલ છે જે પરત મેળવવા હાલની અરજી કરેલી છે. મુદ્દામાલ અંગે તપાસ કરનાર અધિકારીએ નકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૩) ઉપરોકત હકીકત જોતા તેમજ સદર ગુનામાં મુદ્દામાલની જરુર હોવાનું જણાઈ આવતુ નથી. સદર કામે અરજદારે મુદ્દામાલ મોબાઈલ ખરીદીનું બીલ અરજદારે રજુ રાખેલ છે. આમ મુદ્દામાલ મોબાઈલ ફોનની માલીકી અરજદારની જણાય છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૧ ની જોગવાઈઓ તેમજ નામદાર હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં સમય સંજોગોમાં મુદામાલ જેની માલીકીનો હોય તે વ્યકિતને પરત સોંપવો જોઈએ. અરજદારની અરજી તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારને પરત સોંપવાનુ વ્યાજબી જણાય છે.

(૪) કેસના આખરી નીકાલ સુધી મુદ્દામાલ મોબાઈલ પોલીસ સ્ટેશનમાં બીનવપરાશ હાલતમાં પડી રહેવાથી મુદ્દામાલ મોબાઈલ ફોન તે ઈલેકટ્રોનીકસ આઈટમ હોઈ તે બગડી જવાની શકયતા છે તેમજ તેની કિંમતમાં ઘટાડો થાય તેમ છે તે તમામ સંજોગોને ધ્યાને રાખી યોગ્ય શરતોને આધીન કેસના આખરી નીકાલ સુધી વચગાળાની રાહે મુદ્દામાલ મોબાઈલ અરજદારને પરત સોંપવાનું યોગ્ય જણાતું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

અરજદાર–માણેક સલમાન ગુલામરસુલની અરજી મંજુર કરવામાં આવે છે. માધવપુરા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૩૫૫૧/૧૮ ના કામે કબજે લેવામાં આવેલ ઓપો કંપનીનો ઓપો એ.૮૩ મોબાઈલ કે જેનો ઈએમઆઈનં.૮૬૭૬૧૩૦૩૭૯૫૩૫૭૯

છે તે આ કામના અરજદારને મુદ્દામાલની દોઢી રકમના જાત જામીન બોન્ડ તથા તેટલી રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોએ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અદાલત જયારે ફરમાવે ત્યારે મુદ્દામાલ મોબાઈલ ફોન રજુ કરવાનો રહેશે.

(૨) આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મુદ્દામાલ કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર એસાઈન કરવું, કરાવવું નહીં અને જે તે સ્થિતિમાં જાળવી રાખવો.

(૩) મુદ્દામાલ મોબાઈલનો કોઈપણ ગુનામાં સંડોવાય તે રીતે ઉપયોગ કરવો કરાવવો નહીં.

(૪) ત.ક.અ.નાઓએ મુદ્દામાલ મોબાઈલ ફોનના આઈએમઈઆઈ નંબરની ખાતરી કરી પરત સોંપવો.

(૫) ત.ક.અ.નાઓએ અરજદારના બોન્ડ તથા જામીન લીધા બાદ તમામ પેપર્સ અદાલતમાં મોકલી આપવા.

જરુરી યાદી પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૬/૧૧/૨૦૧૮

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪